આકાશવાણી ભુજ

સમાચાર વાચક : જાગૃતિ વકીલ

ડીઇઓ : પ્રદિપ ચાવડા

તારીખ : **06-12-2024** સમય : સાંજે **6.25** વાગ્યે

---

## રવિ કૃષિ મહોત્સવ 2024

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે આજે બનાસકાંઠાના દાંતીવાડાની કૃષિ યુનિવર્સિટી ખાતેથી રવિ કૃષિ મહોત્સવ 2024નો શુભારંભ કરાયો હતો. તે પહેલા મુખ્યમંત્રીએ કૃષિ પ્રદર્શનના સ્ટોલને ખુલ્લો મુક્યો હતો. જ્યાં મુખ્યમંત્રીની સાથે કૃષિ મંત્રી રાઘવજી પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ રવી કૃષિ મહોત્સવ-2024 આજે એટલે કે તા. 6 અને 7 ડિસેમ્બર દરમિયાન 246 તાલુકા મથકોએ રાજ્ય સરકારના મંત્રીઓ, સાંસદો, ધારાસભ્યઓ અને પદાધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાવાનો છે. કચ્છમાં પણ આજથી વિવિધ તાલુકાઓમાં કૃષિ મહોત્સવનો પ્રારંભ થયો હતો.

અશરફ નથવાણી

---

# ભુજ ખાતે કચ્છ – સૌરાષ્ટ્રના ૧૨ જિલ્લાના અનુસૂચિત જાતિના લાભાર્થીઓને  લોનસહાય વિતરણનો કાર્યક્રમ/

ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી ભાનુબેન બાબરીયાના અધ્યક્ષસ્થાને આજે ભુજ ખાતે કચ્છ – સૌરાષ્ટ્રના ૧૨ જિલ્લાના અનુસૂચિત જાતિના લાભાર્થીઓને  લોન/સહાય વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.  સાંભળીએ આ અંગેનો અહેવાલ...

(વોઈસ કાસ્ટ અશરફ નથવાણી(

*ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી ભાનુબેન બાબરીયાના અધ્યક્ષસ્થાને આજે ભુજ ખાતે કચ્છ – સૌરાષ્ટ્રના ૧૨ જિલ્લાના અનુસૂચિત જાતિના લાભાર્થીઓને  લોનસહાય / ૩૪ લાભાર્થીઓને ૧૮૪૦ કાર્યક્રમમાં  .વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો .સહાયનું વિતરણ કરાયું હતું/લાખ રૂપિયાની લોન ૩૫ કરોડ*

*આ પ્રસંગે ભાનુબેન બાબરીયાએ જણાવ્યું કે, વંચિતોના વિકાસ માટે સતત પ્રયત્નશીલ કેન્દ્ર અને રાજ્ય સરકારે વિવિધ યોજનાઓ અમલી બનાવી છે ત્યારે નાગરિકોએ તેનો મહત્તમ લાભ લેવો જોઈએ . બાબાસાહેબ આંબેડકરના મહાપરિનિર્વાણ દિને તેમને શ્રદ્ધાસુમન .ડો અર્પણ કરતા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીએ કહ્યું*

*કે, ડોતેમણે .બાબાસાહેબ આંબેડકર વિશ્વફલક પર ગુંજતું નામ છે . ભારતને બંધારણની ભેટ આપીને દેશની મોટી સેવા કરી છે .*

*કચ્છ મોરબી સાંસદ વિનોદ ચાવડાએ વંચિત સમુદાય માટે કચ્છમાં છાત્રાલયની સુવિધાઓનો ઉલ્લેખ કરીને વિદેશ અભ્યાસ માટે વિદ્યાર્થીઓને લોન સહાય આપીને રાજ્ય સરકાર તેમના સપનાઓને ઉંચી ઉડાન આપીને સશક્ત દેશના ભાવિનું ઘડતર કરી રહી હોવાનું જણાવ્યું હતું .*

*કાર્યક્રમના પ્રારંભે બંધારણના આમુખના વાંચન સાથે મહાનુભાવોનું બંધારણના પુસ્તકથી સ્વાગત કરાયું હતુંઆંબેડકર અંત્યોદય .તેમજ ડો . ૩૦૦ અરજીઓ પૈકીની ૬૬૨ વિકાસ નિગમોના લોન માટેની .અરજીઓનો ઓનલાઇન ડ્રો પણ યોજાયો હતો*

*અશરફ નથવાણી આકાશવાણી સમાચાર ભુજ*

અશરફ નથવાણી

---

## ડો. આંબેડર નિર્વાણતિથિ

રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી સહિતના અગ્રણીઓએ આજે મહાપરી નિર્માણ દિનને ડો.બી.આર.આંબેડકરને શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

બધારણના ઘડવૈયા અખંડ ભારતના શિલ્પી ડો. બાબા સાહેબ આંબેડકરની ૬૯ મી નિર્વાણતિથિએ ભુજમાં કચ્છ જિલ્લા ભાજપ અને

ભુજ નગરપાલિકા દ્વારા ભુજના ટાઉન હોલ પાસે આવેલી તેમની પ્રતિમાને હારારોપણ કરી શ્રદ્ધાસુમન અર્પણ કરવામાં આવ્યા હતા. આ વેળાએ ઉપસ્થિત ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરીયાએ જણાવ્યું હતું કે, દલિત સમાજના ઉત્થાન માટે ડો. આબેડરનું યોગદાન અવિસ્મરણીય છે. ભારતના બંધારણના ઘડવૈયાએ સમાજના છેવાડાના વંચિત સમાજની ચિંતા કરી છે.

**N.P./ જાગૃતિ વકીલ**

---

## ભુજ સ્થાપના દિન

કચ્છનાં મુખ્ય મથક ભુજ શહેરનો આજે 477મો સ્થાપના દિન છે. ભુજ નગરપાલિકાના પ્રમુખ રશ્મિબેન સોલંકી, સાંસદ વિનોદ ચાવડા, રાજ પરિવારના સભ્યો અને નગરપાલિકાના પદાધિકારીઓની ઉપસ્થિતિમાં દરબારગઢ ખાતે ખીલી પૂજન કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે ભુજીયા ડુંગરની પ્રતિકૃત્તિ દર્શાવતી કેક પણ કાપવામાં આવી હતી. શહેરની ઓળખ સમા પાંચ નાકા છઠ્ઠી બારીને આસોપાલવના તોરણથી શણગારવામાં આવ્યા છે.

**N.P./ જાગૃતિ વકીલ**

---

## પશુધન ગણતરી-2024

પશુપાલન અને ડેરી મંત્રાલય દ્વારા ૨૧ મી પશુધન ગણતરી ૨૦૨૪ નું આયોજન ભારત સરકાર દ્વારા કરવામાં આવ્યું છે. તેના ભાગરૂપે દિલ્હીથી કચ્છ આવેલા કેન્દ્રીય પશુપાલન નિયામક વી.પી.સીંગે યોજેલી પત્રકાર પરિષદમાં બે દિવસના પ્રયાસ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, બે દિવસના પ્રવાસમાં બન્ની, પચ્છમ અને વાગડ વિસ્તારમાં પશુ નોંધણી યોગ્ય રીતે થાય છે કે નહીં તેનું નિરીક્ષણ કર્યું હતું. આ નિરીક્ષણમાં સ્થાનિક ટીમો કામ કરી રહી છે. તેમની કામગીરી નિહાળી હતી અને તેમને અપાયેલા સૂચનો મુજબ કોઈ પણ પશુ ગણતરીમાં રહી જવો ન જોઈએ. જ્યાં ઓનલાઈન ડેટા કલેકશનમાં મુશ્કેલી પડે છે ત્યાં ઓફ લાઈન ડેટા કલેકશન કરી ત્યારબાદ ઓનલાઈનમાં સમાવેશ કરવો તેવા સૂચનો કર્યો હતો તેવું પત્રકારોને જણાવ્યું હતું.

**N.P./** જાગૃતિ વકીલ

---

## હોમગાર્ડ દિન

દર વર્ષે છઠ્ઠી ડિસેમ્બરનો દિવસ હોમગાર્ડ દિન અને નાગરીક સંરક્ષણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. પોલીસ સાથે ખભેખભા મિલાવીને કાર્ય કરતા હોમગાર્ડના જવાનોનું યોગદાન સુરક્ષા મુદ્દે મહત્વનું રહ્યું છે, તેવું પશ્ચિમ કચ્છ હોમગાર્ડ કમાન્ડન્ટ મનિષભાઈ બારોટે ભુજમાં હોમગાર્ડ દિવસની ઉજવણી નિમિત્તે આયોજીત કાર્યક્રમમાં જણાવ્યું હતું.

**N.P./** જાગૃતિ વકીલ

---

## સશસ્ત્ર સેના ધ્વજ ભંડોળ સમિતિ

ભુજ કલેકટર કચેરી ખાતે ભુજ પ્રાંત અધિકારી અનિલ જાદવના અધ્યક્ષસ્થાને સશસ્ત્ર સેના ધ્વજ દિન ભંડોળ સમિતિની બેઠક યોજાઇ હતી. જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી આયોજીત બેઠકમાં વન રેન્ક, વન પેન્શનના પ્રશ્નો, સહિતના પ્રશ્નોની રજૂઆત સાથે તેના ઉકેલ માટે સમિતિના સભ્યો દ્વારા હકારત્મક ચર્ચા-વિચારણા કરાઇ હતી

**N.P./ જાગૃતિ વકીલ**

---